# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) નવી દિલ્હીમાં GST પરિસદની 56-મી બેઠક ચાલી રહી છે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વિદ્યાર્થીઓને ડિજિટલ યુગમાં ઉપલબ્ધ વિશાળ શિક્ષણ સંશાધનોનો ઉપયોગ કરવા આગ્રહ કર્યો

3) સર્વોચ્ચ અદાલતે સરકારને આરોપી તરીકે પકડાતાં વિદેશી નાગરિકોને ફરાર થતા રોકવા અંગે નીતિ બનાવવા જણાવ્યું

4) વિદેશ મંત્રી ડૉક્ટર જયશંકરે જર્મનીના તેમના સમકક્ષ સાથે નવી દિલ્હીમાં ચર્ચા કરી

5) જર્મનીના વિદેશ મંત્રીએ આતંકી હુમલાઓથી ભારતની આત્મરક્ષાના અધિકારનું સમર્થન કર્યું

6) ગુજરાતમાં આવતીકાલથી શનિવાર સુધી ભારે વરસાદની આગાહી

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE GST COUNCIL MEETING

નવી દિલ્હીમાં હાલ વસ્તુ અને સેવા કર- GST પરિસદની 56-મી બેઠક ચાલી રહી છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણ બે દિવસની આ પરિસદની અધ્યક્ષતા કરી રહ્યાં છે. પરિસદમાં ભારતની આગામી પેઢીના GST સુધારાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે. આમાં કરના દરોને તર્કસંગત બનાવવા અને પાલનને સરળ બનાવવાનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી અને દિલ્હી , ગોવા, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર , મેઘાલય અને ઓડિશાના મુખ્યમંત્રીઓ બેઠકમાં હાજર છે. જ્યારે અરુણાચલ પ્રદેશ , બિહાર, મધ્યપ્રદેશ અને તેલંગાણાના નાયબ મુખ્યમંત્રીઓ , મણિપુરના રાજ્યપાલ અને અનેક રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશના નાણામંત્રીઓ પણ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

આંધ્રપ્રદેશના નાણામંત્રી પચ્યાવુલા કેશવે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું , તેમની પાર્ટી GST ક્ષેત્રે કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત મોટા સુધારાઓનું સમર્થન કરશે.

. . . . .

# PRESIDENT TN VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વિદ્યાર્થીઓને ડિજિટલ યુગમાં ઉપલબ્ધ વિશાળ શિક્ષણ સંશાધનોનો ઉપયોગ કરવા આગ્રહ કર્યો છે. આજે તિરૂવરૂરમાં તમિળનાડુ કેન્દ્રીય વિશ્વ-વિદ્યાલયના પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિએ કહ્યું , દેશના ઉદ્યોગ ચોથા તબક્કા માટે તૈયાર છે અને વિદ્યાર્થીઓએ તેનો મહત્તમ લાભ લેવો જોઈએ.

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉક્ટર રાધાકૃષ્ણનનું ઉદાહરણ આપતાં સુશ્રી મુર્મૂએ કહ્યું , શિક્ષણનું મહત્વ સતત શિખતા રહેવું અને જ્ઞાન તથા બુદ્ધિનો વિકાસ કરવાનો છે. રાષ્ટ્રપતિ મુર્મૂએ વિદ્યાર્થીઓને નવી શિક્ષણ નીતિની ભાવનાને અનુરૂપ સમાજના વિકાસમાં સક્રિય રીતે યોગદાન આપવા પણ આગ્રહ કર્યો.

રાષ્ટ્રપતિએ 45 સ્નાતકને સુવર્ણ ચંદ્રક અને 44-ને સંશોધન પદવીઓ એનાયત કરી. તેમણે સુવર્ણ ચંદ્રકો મેળવનારા વિદ્યાર્થિનીઓની પ્રશંસા કરી.

. . . . . . .

# EV PM SEMICON INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં યશોભૂમિમાં સેમિકોન ઇન્ડિયા 2025ના બીજા દિવસે સેમિ-કન્ડક્ટર ક્ષેત્રે નિષ્ણાતો સાથે વાતચીત કરી. તેમણે પ્રદર્શનીનું નિરીક્ષણ કર્યું અને સેમિ-કન્ડક્ટર સંબંધિત વિવિધ ઉત્પાદનો તથા પરિયોજનાઓને નિહાળી. આ પ્રસંગે ઇલેક્ટ્રૉનિક્સ અને માહિતી-ટૅક્નોલૉજી મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મોદીએ સેમિકૉન ઇન્ડિયાના મુખ્ય  કાર્યકારી અધિકારી- C.E.O. ગોળમેજી સંમેલનમાં પણ ભાગ લીધો. સંમેલનમાં વિશ્વભરમાંથી ઉદ્યોગ જગતના દિગ્ગજો સામેલ હતા.

શ્રી  મોદીએ ત્રણ દિવસના સેમિકૉન ઇન્ડિયા      2025  સંમેલનનું ગઈકાલે ઉદ્ઘાટન કર્યું હતું.  સંમેલનનો ઉદ્દેશ વૈશ્વિક સેમિ-કન્ડક્ટર પૂરવઠા શ્રેણીમાં ભારતને એક વિશ્વાસપાત્ર  ભાગીદાર તરીકે સ્થાપિત કરવાનો છે. સેમિકૉન ઇન્ડિયા    2025 સંમેલન સેમિ-કન્ડક્ટર ડિઝાઇન ,  ઉત્પાદન અને ટૅક્નોલૉજી વિકાસ માટેનું કેન્દ્ર બનવાના ભારતના દ્રષ્ટિકોણને સાકાર કરવા તરફ એક મહત્વનું પગલું છે.

. . . .

# SC FOREIGN NATIONAL

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને ભારતમાં આરોપી તરીકે પકડાતાં વિદેશી નાગરિકોને દેશમાંથી ફરાર થતા રોકવા અંગે યોગ્ય નીતિ બનાવવા પર વિચાર કરવા જણાવ્યું. આ મુદ્દો એક હાઈ-પ્રોફાઈલ ફોજદારી કેસની સુનાવણી દરમિયાન સામે આવ્યો, જેમાં આરોપી એક નાઇજિરિયન નાગરિક મે 2022માં ઝારખંડ વડી અદાલતમાંથી જામીન મળ્યા બાદ કથિત રીતે પોતાના દેશ ભાગી ગયો હતો.

સર્વોચ્ચ અદાલતે ગત ડિસેમ્બરમાં જામીન આદેશને રદ કર્યો હતો અને અધિકારીઓને એ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ અપાયો હતો કે, આરોપીને કેસનો સામનો કરવા ભારત પરત લાવવામાં આવે. અદાલતે એ વાત પર પણ ભર આપ્યો કે, આવા કેસમાં બીજું કંઈ કરવાની જરૂર છે. આ માટે યોગ્ય દિશા-નિર્દેશ તૈયાર કરીને તમામ સંબંધિત અદાલતોને મોકલવા જોઈએ, જેથી ભવિષ્યમાં આવી ઘટના ન બને.

. . . . . . . . . . . . .

# REV NEW JAISHANKAR GERMAN FM

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર અને જર્મનીના વિદેશ મંત્રી જોહાન ડેવિડ વાડેફૂલે આજે નવી દિલ્હીમાં ભારત —જર્મની સહકાર અને યુરોપિયન સંઘ સાથે પોતાના સંબંધ અંગે સાર્થક ચર્ચા કરી. બંને પક્ષે રાજદ્વારી સહકાર, સુરક્ષા, સંરક્ષણ, આબોહવા, ભાવિ ટૅક્નોલૉજી અને લોકો વચ્ચે પરસ્પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

શ્રી જયશંકરે સંયુક્ત પત્રકાર પરિષદમાં કહ્યું, બંને ભારત આતંકવાદ સામેની લડાઈમાં જર્મની દ્વારા રજૂ કરાયેલા વિચારને ઘણું મહત્વ આપે છે. તેમણે કહ્યું , શ્રી વાડેફૂલે આતંકી હુમલાઓથી ભારતના આત્મરક્ષાના અધિકારનું સ્પષ્ટપણે સમર્થન કર્યું છે.

ભારત અને જર્મનીના વૈજ્ઞાનિક સહકારના 50 વર્ષ પૂર્ણ થવા પર પ્રકાશ પાડતા શ્રી જયશંકરે આ ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અને તેને ઉદ્યોગ જગતથી વધુ નજીકથી જોડવાની જરૂરિયાત તથા બંને દેશ વચ્ચે અવકાશ સહકારની સક્રિય શોધ પર ભાર આપ્યો.

જર્મનીના વિદેશ મંત્રી જોહાન વાડેફૂલે કહ્યું , તેમણે નવિન શક્તિ અને ટૅક્નોલૉજીના કેન્દ્ર તરીકે ભારતની પ્રશંસા કરી છે. શ્રી વાડેફૂલ બે દિવસના ભારત પ્રવાસ દરમિયાન બેંગ્લોરમાં પોતાના કાર્યક્રમ બાદ ગત રાત્રે રાષ્ટ્રીય રાજધાની પહોંચ્યા છે.

. . . . . .

# RUSSIA INDIA

રશિયાએ તેમની પાસેથી તેલ અને અન્ય ચીજવસ્તુઓની સતત આયાત પર અમેરિકાના દબાણ સામે ન ઝૂકવા બદલ ભારતના વલણની પ્રશંસા કરી. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે એક સમાચાર સંસ્થા સાથેની રૂબરૂ મુલાકાતમાં કહ્યું, ભારતનું વલણ મુક્ત વેપાર સિદ્ધાંતો પ્રત્યે તેમની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

આ પહેલા ઑગસ્ટમાં મૉસ્કોમાં વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર સાથે પોતાની ગત બેઠક દરમિયાન શ્રી સર્ગેઈ લાવરોવે શાંઘાઈ સહકાર સંગઠન- S.C.O., બ્રિક્સ અને જી—20 જેવા વૈશ્વિક મંચ પર રશિયા અને ભારત વચ્ચે બહુપક્ષીય સહકારની પ્રશંસા કરી હતી. રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન આ વર્ષના અંતમાં એક શિખર સંમેલન માટે ભારત આવશે.

. . . .

# REV IMD RAINFALL

હવામાન ખાતાએ આજે જમ્મુ -કાશ્મીર, હિમાચલ પ્રદેશ , પંજાબ અને હરિયાણામાં ધોધમાર વરસાદની લાલ ચેતવણી જાહેર કરી છે. દેશના પૂર્વના ભાગ, ઝારખંડ, ઓડિશા અને છત્તીસગઢમાં ધોધમાર વરસાદની સંભાવના છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતાં હવામાન ખાતાનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉક્ટર આર. કે. જેનામણિએ કહ્યું , ગુજરાતમાં આવતીકાલથી શનિવાર સુધી ભારે વરસાદ થઈ શકે છે.

(BYTE: R. K. JENAMANI)

. . . . . . . .

# BIHAR ASIA CUP MALAYSIA CHINA

પુરુષો માટેની એશિયા કપ હોકી ચેમ્પિયનશિપમાં જાપાને આજે બિહારના રાજગીર ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી 5મા થી 8મા સ્થાનની ક્લાસિફિકેશન મેચમાં ચાઈનીઝ તાઈપેઈ સામે 2-0થી વિજય મેળવ્યો. જાપાની ટીમે શરૂઆતથી જ રમતના ટેમ્પોને નિયંત્રિત કરી , તેમના વર્ચસ્વને બે ગોલમાં રૂપાંતરિત કર્યું. ચાઈનીઝ તાઈપેઈ તરફથી મજબૂત બચાવ અને વળતા પ્રયાસો છતાં, જાપાને તેમની ક્લીન શીટ જાળવી રાખી અને સંપૂર્ણ પોઈન્ટ મેળવ્યા.

. . . . . . . . . . . . .

# PAK ATTACK

ઉત્તર પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાન્તમાં આજે અજાણ્યા હુમલાખોરોએ એક પ્રવાસી વાહન પર ગોળીબારી કરી છ લોકોની હત્યા કરી. સ્થાનિક પોલીસે જણાવ્યું, આ વાહન દારાદરથી સદ્દા જઈ રહ્યું હતું.

અફઘાનિસ્તાનની સરહદે આવેલા લૉઅર કુર્રમ જિલ્લાના મહોરા પાસે શંકાસ્પદ આતંકવાદીઓએ વાહન પર અચાનક હુમલો કર્યો હતો. જોકે , હુમલાખોરો ભાગવામાં સફળ રહ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે , મૃતકોની ઓળખ થઈ નથી અને મૃતદેહોને જિલ્લા મુખ્યમથકની હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

આ પહેલા ગઈકાલે ખૈબર પખ્તૂનખ્વા પ્રાન્તમાં એક અર્ધસૈનિક દળના મુખ્યમથક પર થયેલા આતંકી હુમલાને સુરક્ષા દળોએ નિષ્ફળ બનાવ્યો. સેનાએ જણાવ્યું, હુમલામાં છ સૈનિક અને પાંચ આતંકવાદીના મોત થયા છે.

. . . .

# GADKARI WORKSHOP

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે નવી દિલ્હીમાં ટકાઉ રાષ્ટ્રીય રાજમાર્ગ વિકાસ માટે નવા નીતિ ભલામણો પર એક પરામર્શ કાર્યશાળાની અધ્યક્ષતા કરી. તેમાં સરકારની વિશ્વ કક્ષાની , ટકાઉ અને ભવિષ્ય માટે તૈયાર પરિવહન માળખાના નિર્માણ માટે સરકારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. ઉપરાંત આ કાર્યશાળામાં ઝડપથી વધતા શહેરી વિસ્તારોને ભીડ ઓછી કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયું. રાજ્યમંત્રીઓ અજય ટમ્ટા અને હર્ષ મલ્હોત્રા, રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારી અને મ્યુનિસિપલ કમિશનર આ કાર્યશાળામાં ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રાલયે જણાવ્યું, પ્રતિષ્ઠિત લોકોએ અનેક નવા નીતિ સૂચનો પર ચર્ચા કરી, જેમાં શહેરના કેન્દ્રોમાં ટ્રાફિક ઘટાડવા રિંગ રોડ અને બાયપાસ બનાવવાનો સમાવેશ થાય છે. આનાથી શહેરી રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ભીડ ઓછી થશે.

. . . .

# MANIPUR DRUGS SEIZED

સશસ્ત્ર દળોએ મણિપુરમાં ભારત —મ્યાંમાર સરહદ નજીકથી અંદાજે સાત કરોડ રૂપિયાનો કેફી પદાર્થ કબજે કર્યો છે. કેફી પદાર્થની હેરાફેરી કરનારા લોકો સરહદ બહારથી તેનું સંચાલન કરતા હતા. તેમજ મણિપુરમાં જમીનની નીચે જોખમી કેફી પદાર્થ છૂપાવીને તેનું ગેરકાયદે વેચાણ કરતા હતા.

અસમ રાઈફલ્સના જણાવ્યા મુજબ , આ કાર્યવાહી આંતરરાષ્ટ્રીય સરહદથી કેફી પદાર્થની થતી તસ્કરી સામે મોટો પ્રહાર છે. બીજી તરફ, ગેરકાયદે હથિયારોની પ્રવૃત્તિઓને રોકવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

. . .